રાજ્યની માન્ય અનુદાનિત ખાનગી
પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી સ્ત્રી
વિદ્યાસહાયકોને પ્રસુતિની રજાનો લાભ
આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૧૬/૨૧/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૪/૮/૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા-૨૭/૦૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક : ખપશ/૨૪૯૦૧૯૮૨/ચ
(૨) શિક્ષણ વિભાગનો તા-૦૨/૧૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૯૯/ઇએમ/ ૧૦૭૩/ક
(૩) નાણા વિભાગના તા-૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએન.૨૩) નં. પીએસએન/૧૦૨૦૧૪/એમઆઇ (૩૩૪૩૮૫) -પી.
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા-૨૨/૦૬/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ખ-૨/વિ.સ. સ્ત્રી પ્રસુતિ રજા/ ૧૮૮૫ /૨૦૧૬.

આમુખ -

આમુખમાં ક્રમાંક (૨) સામે દર્શાવેલ ઠરાવથી સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિ રજાનો લાભ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. ક્રમાંક (૪) સામે વંચાણે લીધેલ નિયામકશ્રીની દરખાસ્ત અન્વયે રાજયની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી શિક્ષિકાઓને પ્રસુતિ રજાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી કાળજીપૂર્વકની વિચારણાને અંતે માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી શિક્ષિકાઓને મહિલા સરકારી કર્મચારીની જેમ જ આમુખમાં ક્રમાંક (૩) સામે દર્શાવેલ નાણા વિભાગના તારીખઃ ૧૩/૧૧/૨૦૧૪ રોજના જાહેરનામાની જોગવાઇઓને આધિન પ્રસુતિ રજા મંજુર કરવાની રહેશે.

(૨) આ ઠરાવનો અમલ સદર ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

(૩) આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૩/૦૮/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ